# વુમન WORLD યુવા ZONE

## ૨,૧૨,૦૦૦ ગણેશમૂર્તિ બનાવવાનો સંકલ્પ સિદ્ધ કરતાં રમાબહેન શાહ



વર્ષ ૨૦૦૦થી ગણેશમૂર્તિઓનું નિર્માણ કરતાં રમાબહેન શાહ આજે સ્વહસ્તે ૨,૧૨,૦૦૦ મૂર્તિઓ બનાવવાનો રેકોર્ડ પૂર્ણ કરી ફરી એક વાર સફળતાનું નવું શિખર સર કરી રહ્યાં છે.

સાયનમાં રહેતા રમાબહેન સતીષભાઈ શાહ-કેસરવાળાને વર્ષ ૨૦૦૦થી આંખે પાટા બાંધીને તેઓ ગણેશજીની વિવિધ આકાર, રંગ, રૂપ, મુદ્રા ધરાવતી પ્રતિમાઓ બનાવે છે. કોઈપણ જાતના મોલ્ડ-બીબા વગર બનાવેલી આકર્ષક, વોશેબલ મૂર્તિઓ છે. તેમની આ કળાનું સન્માન કરતાં અનેક એવોર્ડ તેમને મળ્યા છે. ઉપરાંત તેમનાં નામે અનેક એવોર્ડ પણ છે. તેમણે ૯૯ દિવસમાં ૯,૯૯૯ મૂર્તિઓ બનાવી છે. એવી જ રીતે ૨૪ કલાકમાં ૯૯૯ અને ૧૧ વર્ષમાં ૧,૫૦,૦૦૦ મૂર્તિઓનું સ્વહસ્તે સર્જન કર્યું છે. મુંબઈના સિદ્ધિ વિનાયક મંદિરમાં સળંગ બાર કલાક સુધી બેસી મૂર્તિ બનાવવાનો તેમનો વિક્રમ છે. આ ઉપરાંત રિપ્લીસ બિલિવ ઈટ નોટ, વર્લ્ડ રેકોર્ડસ એકેડેમી (બે વાર), લિમ્કા બુક ઓફ રેકોર્ડસ (૧૧ વાર), ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ (બે વાર), યુનિક વર્લ્ડ રેકોર્ડ, વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયા વગેરે આંખો પર રૂ મૂકી તેના ઉપર પાટો બાંધી મંત્ર ઉચ્ચારતાં, મૂર્તિ બનાવતાં રમાબહેનને જોઈ લોકો શ્રદ્ધાપૂર્વક શીશ નમાવે છે. પોતાની કલાને સાધના ગણાવતાં રમાબહેન કહે છે કે મૂર્તિઓ બનાવતી વખતે થાક લાગવાનો તો પ્રશ્ન જ નથી. કંઈ પણ ખાધાપીધા વગર હું કલાકોના કલાકો સુધી એક જ જગ્યાએ બેસી મારું કાર્ય કરી શકું છું. નડિયાદના સંયુક્ત કુટુંબમાં જન્મેલાં રમાબહેન ૧૯ વર્ષની વયે લગ્ન કરીને મુંબઈ આવ્યાં. ગૃહિણી, પુત્રવધૂ, પત્ની, માતા જેવી બધી જ જવાબદારી સુપેરે સંભાળતા સંભાળતા તેમણે પોતાની આ કલા-શોખને જાળવી રાખ્યો છે. તેમના પતિ સતીષભાઈ શાહ પણ હંમેશા તેમને પ્રોત્સાહન આપતા રહ્યા છે.

### DAILY DOSE



**દરેક દિવસમાં થોડુંક જીવન રહેલું છે :**
દરેક વખતે આપણે જાગૃત થઈએ અને ઉઠીએ તેમાં
એક નાનકડો જન્મ રહેલો છે,
દરેક તાજગીભર્યુ પ્રભાત થોડુંક યૌવન છે,
દરેક વખતે આરામ કરીએ ને ઊંઘી જઈએ તે જરીક મૃત્યું છે.
-આર્થર શોપનહોઅર

### twitter

શ્રીલંકા પહોંચ્યો છું, હવે વિશ્વ કપ વિષે જ વિચારી રહ્યો છું.
**- યુવરાજસિંઘ**

દેશની હાલત અત્યારે આવી છે તો ભવિષ્ય તો ભગવાન ભરોસો છે.
**- સોનલ કપૂર**

## ઉચ્ચ શિક્ષણ માટેની વિશ્વની ટોચની ૨૦૦ ઈન્સ્ટિટ્યૂટ્સમાં ભારતની એક પણ નહીં

### શાળાના શિક્ષણ બાદ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પણ આપણો કંગાળ દેખાવ

પિસા રેન્કીંગ્સે ભારતની શાળાઓના શિક્ષણની કંગાળ ગુણવત્તા ખુલ્લી પાડી દીધી છે ત્યારે હવે વર્ષ ૨૦૧૨ માટેની ક્યૂએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કીંગ્સે પણ એવું બતાવી આપ્યું છે કે આપણી વિદ્યાપીઠો અને ઈન્સ્ટિટ્યૂટ્સ ઑફ એક્સેલન્સ તેમની આંતરરાષ્ટ્રીય સમોવડિયણોની સરખામણીમાં જરા પણ સારી નથી.

વર્ષ ૨૦૧૦માં આ રેન્કીંગ્સમાં આઈઆઈટી-મુંબઈનો ૧૮૭મો ક્રમાંક હતો, જે ગયા વર્ષે નીચે ઊતરીને ૨૨૫ ઉપર પહોંચી ગયો હતો અને આ વર્ષે આ ક્રમાંક ૨૨૭ ઉપર પહોંચી ગયો છે.

ઉચ્ચની ૨૦૦ વિદ્યાપીઠોમાં એક પણ વિદ્યાપીઠ નહિ ધરાવતો ભારત બ્રીક્સ દેશોનો એકમાત્ર દેશ છે. ભારતની ત્રણ અગ્રણી ઈન્સ્ટિટ્યૂટ્સમાંની બે આઈઆઈટી દિલ્હી (૨૧૨) અને આઈઆઈટી કાનપુ (૨૭૮)એ તેમની ૨૦૧૧ની સ્થિતિમાં સુધારો કર્યો છે, પરંતુ બ્રીક્સ રાષ્ટ્રોની ઈન્સ્ટિટ્યૂટ્સની સરખામણીમાં ભારતની આ ઈન્સ્ટિટ્યૂટ્સ ઘણી પાછળ છે એમ ટોપ યુનિવર્સિટી કોમ.-ધી ક્યૂએસ રેન્કીંગ્સ વેબસાઈટના તંત્રી ડેની બાયર્ન જણાવે છે.

ટોચની ૧૦ ઈન્સ્ટિટ્યૂટ્સમાં પ્રથમ ક્રમાંકે મેસેશુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી (એમઆઈટી) રહે છે. ત્યાર બાદ યુનિવર્સિટી ઑફ



કેમ્બ્રીજ, હાવર્ડ યુનિવર્સિટી, યુનિવર્સિટી કૉલેજ લંડન, યુનિવર્સિટી ઑફ ઓક્સફર્ડ ઈમ્પેરિયલ કૉલેજ લંડન, યેલ યુનિવર્સિટી, યુનિવર્સિટી ઑફ શિકાગો વગેરેનો ક્રમ આવે છે.

એશિયામાંથી ટોચની ૫૦ યુનિવર્સિટીઓમાંથી હૉંગકૉંગ (૨૩), નેશનલ યુનિવર્સિટી ઑફ સિંગાપોર (૨૫), યુનિવર્સિટી ઑફ ટોકિયો (૩૦), ક્યોટો યુનિવર્સિટી (૩૫), સીઓલ નેશનલ યુનિવર્સિટી (૩૭), ચીનની પેકીંગ યુનિ. (૩૫) વગેરેનો સમાવેશ થાય છે.





Solution

| | | | | |
|---|---|---|---|---|
| 2 | 3 | 4 | 5 | 1 |
| 3 | 4 | 5 | 1 | 2 |
| 4 | 5 | 1 | 2 | 3 |
| 5 | 1 | 2 | 3 | 4 |
| 1 | 2 | 3 | 4 | 5 |

Place numbers into the puzzle cells in such a way that each row and column contains each of the digits from 1 to 5. No number is repeated in any row or column. Each bold-outlined group of cells contains a hint consisting of a number and one of the mathematical symbols + x - /. The number is the result of applying the mathematical operation represented by the symbol to the digits contained within the domain.

## Children's Corner



### Do you know?

· Introduced by the British, cricket is India's most popular sport. Hockey is considered the national sport, and the Indian field hockey team proudly won Olympic gold in 1928.

· Indians made significant contributions to calculus, trigonometry, and algebra. The decimal system was invented in India in 100 B.C. The concept of zero as a number is also attributed to India.

· Most historians agree that the first recorded account of plastic surgery is found in ancient Indian Sanskrit texts.



### Golden Thought



"It always seems impossible until its done."
**-Nelson Mandela**

## ધ્રાંગધ્રાના પીઆઈને વિદાયમાન

ધ્રાંગધ્રા,તા,૧૩: શહેરના સિટી પી.આઇ કિશોરસિંહ મનહરસિંહ જાડેજાની બદલી થતા તેનો વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં આ પ્રસંગે વેપારીઓ તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહી પી.આઇ કિશોરસિંહને મોમેન્ટો આપી સન્માન કર્યુ હતું.

## રાજકોટ દૂરદર્શન

સાંજના ૫ થી ૫-૩૦ ભારત નિર્માણ-કેન્દ્ર સરકાર પુરસ્કૃત વિવિધ વિકાસલક્ષી યોજનાઓના અમલીકરણની માહિતી. ૫-૩૦ વાગે કૃષિદર્શન જીવંત-પ્રસારણ-અમદાવાદથી.

## હેપી બર્થ ડે



**ચંદ્રિકાબેન એલ. ભટ્ટ**
રાજકોટ



**ભુવનેશ્વરીદેવી પી. જાડેજા**
વીરપુર (જલારામ)



**વૈશ્નવી એ. પંડ્યા**
રહીજ (માંગરોળ)

વેલ વિશર્સ કલબ — ફૂલછાબ

## કંપની સમાચાર

### ફેડરેશન ઓફ પેપર ટ્રેડર્સ એસો.ના પ્રમુખપદે મનોહર કોઠારીની વરણી



અમદાવાદ: ફેડરેશન ઓફ પેપર ટ્રેડર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાની તાજેતરમાં અમદાવાદ ખાતે મળેલ ૫૧મી વાર્ષિક સામાન્ય સભામાં રાષ્ટ્રીય પ્રમુખ તરીકે શ્રી મનોહર બી. કોઠારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. કાગળના વેપારીઓનું ફેડરેશન સભ્યોનો અવાજ બુલંદ કરવામાં અગ્રેસર છે, અને સમયાંતરે તેમની સમસ્યાઓ અને પ્રશ્નોને તમામ સ્તરે વાચા આપવામાં મોખરે રહે છે. શ્રી મનોહર બી. કોઠારી છેલ્લા ૩૩ વર્ષથી કાગળના વ્યાપાર સાથે સંકળાયેલ છે અને પેપર મર્ચન્ટસ્ એસોસીએશન અમદાવાદના વરિષ્ઠ સભ્ય છે.

## આપની આજ

GaneshaSpeaks.com
accuracy • reliability • trust
FOR ASTROLOGY DIAL 55181*

**શુક્રવાર તા. ૧૪-૯-૨૦૧૨**

### મેષ (અ.લ.ઈ.)

ગણેશજી કહે છે કે આજે આપ શરીર અને મનથી અસ્વસ્થતા અનુભવશો. કામકાજમાં વધુ મહેનતે ઓછી સફળતા મળે. આરોગ્ય બગડવાનો સંભવ છે. અપચો કે પેટને લગતા દર્દ સતાવે. જોખમ વિચાર વર્તનથી દૂર રહેવું. કોઈપણ બાબતમાં ઉતાવળા નિર્ણય ટાળવા. સંતાનોના પ્રશ્ને આપ ચિંતિત રહો. સરકાર તેમજ ઉપરી અધિકારીઓના સંબંધમાં કાર્ય સફળતા મળે. બને ત્યાં સુધી આજે મુસાફરી ન કરવી.

### વૃષભ (બ.વ.ઉ.)

ગણેશજી આજે આપને જમીન, મકાન અને વાહન અંગે કોઈ વહેવાર ન કરવાની સલાહ આપે છે છતાં આપ આપના રોજિંદા કાર્યોમાં ભરપૂર આત્મવિશ્વાસથી મકકમ મનથી કામ કરી શકશો. પિતાની સંપત્તિથી લાભ થાય. કલાકારો અને રમતવીરોને તેમની પ્રતિભા પુરવાર કરવા મોકળું મેદાન મળે. સરકાર સાથેના નાણાકીય વ્યવહારમાં સારો દેખાવ કરે. સંતાનોની બાબતમાં ખર્ચ થાય.

### મિથુન (ક.છ.ઘ.)

ગણેશજી કહે છે કે નોકરી અને વ્યવસાય સાથે સંકળાયેલા લોકો માટે આજે દરેક રીતે લાભદાયી દિવસ છે. કારણ કે વ્યવસાયીઓને સરકારી લાભ થવાના અને નોકરિયાતો પર ઉપરી અધિકારીની કૃપા દૃષ્ટિ ઉતરવાના યોગ છે. આપના પડોશીઓ, ભાઈબહેનો કે મિત્રવર્તુળ સાથે આનંદપૂર્વક સમય પસાર કરો. નાનકડા પ્રવાસનું પણ આયોજન થાય. આજે આપના વિરોધીઓ કે હરીફોની ચાલ નિષ્ફળ જશે. તંદુરસ્તી સારી રહેશે. આજે આપના વિચારો ઝડપથી બદલાશે તેથી ઘટનાઓમાં પણ ઝડપી ફેરફાર થશે અને આપ તેમાં વ્યસ્ત રહેશો.

### કર્ક (ડ.હ.)

પરિવારના સભ્યો સાથે આજે આપને કોઈ ગેરસમજ ઉભા થવાના સંભવ છે. જેથી કુટુંબના સભ્યોની લાગણી દુભાશે. મનમાં નકારાત્મક વિચારો તમને હતાશામાં ધકેલી દેશે. માનસિક શારીરિક બેચેનીનો અનુભવ થશે. નિરર્થક ધન ખર્ચ થાય. જમણી આંખમાં પીડા થાય. વિદ્યાર્થીઓને વિદ્યાપ્રાપ્તિમાં અડચણ આવે. મિત્રો કે કુટુંબના સભ્યો સાથે વાદવિવાદ થાય. સમયસર ભોજન ન મળે. કોઈક ખોટું કાર્ય કે અનૈતિક પ્રવૃત્તિ પાછળ મન દોરાય. મનોવૃત્તિમાં પરિવર્તન આવે.

### સિંહ (મ.ટ.)

ગણેશજી આપને આજે ગુસ્સા અને આવેશ પર કાબૂ રાખવાની સલાહ આપે છે. વાણી અને વર્તનમાં પણ ઉગ્રતા રહે તેથી સંભાળીને કામ લેવું. મકકમ મનોબળ આપને કોઈ ચોકકસ નિર્ણય પર લાવી શકશે. વડીલ વર્ગ તરફથી ફાયદો થાય. માન-પ્રતિષ્ઠામાં વધારો થશે. વાણી અને વર્તન સંયમિત રાખવા. આરોગ્ય અંગે થોડીક ફરિયાદ રહે. સરકારી કર્મચારીઓ તરફથી લાભ થાય. લગ્નજીવનમાં સંવાદિતા જળવાશે.

### કન્યા (પ.ઠ.ણ.)

ગણેશજી આપને ઝઘડો કે મારામારીથી દૂર રહેવાની સલાહ આપે છે. આજે કોઈ દ્વારા આપના અહંને ઠેસ પહોંચે તેવું બને. મિત્રો સાથેની વાતચીતમાં ખાસ ધ્યાન રાખવું. વાણી પર સંયમ નહીં રખાય તો તેમની સાથે અણબનાવ થવાની સંભાવના છે. ઓચિંતો ધનખર્ચ આવી પડે. મનમાં વ્યગ્રતા અને શરીરમાં અસ્વસ્થતા રહે. નોકરિયાતોના હાથ નીચેના માણસો તરફથી મુશ્કેલીઓ ઉભી થાય.

### તુલા (ર.ત.)

આજના દિવસે આપ ખૂબ આનંદમાં હશો એમ ગણેશજી કહે છે. લક્ષ્મીજીની કૃપાદૃષ્ટિથી આપની આવક અને વેપાર ધંધામાં વૃદ્ધિ થશે. કુટુંબના સભ્યો અને દોસ્તો સાથે હશીખુશીની પળોમાં મશગૂલ બનશો, મહિલા વર્ગ તરફથી લાભ અને આદર મળે. વેપાર ક્ષેત્રે નવા સંપર્કો અને ઓળખાણોથી લાભ થાય. નાનકડી મુસાફરી આપને આનંદથી પ્રફુલ્લિત કરી દેશે. જીવનસાથીના પ્રેમની વર્ષા આપને ભીંજવી નાખશે. એકંદરે આજનો દિવસ ખૂબ સારી રીતે પસાર કરશો.

### વૃશ્ચિક (ન.ય.)

ગણેશજી જણાવે છે કે આજે આપનું આરોગ્ય સારું રહેશે. આપના દરેક કાર્યો આસાનીથી પાર પડે. આપનો હોદ્દો, માન મોભામાં વૃદ્ધિ થાય. ધનલાભના યોગો છે. ઓફિસમાં સહકર્મચારીઓ સાથે સહકારથી કામ થશે. ઉપરી અધિકારીઓની કૃપાદૃષ્ટિ રહે, વેપારીઓને ધંધાર્થે મુસાફરી થાય. સંતાનોની પ્રગતિ સંતોષકારક રહે.

### ધન (ભ.ફ.ધ.ઢ.)

આજે કોઈપણ પ્રકારનું જોખમ ન ખેડવાની ગણેશજી સલાહ આપે છે. વ્યવસાયમાં વિઘ્નો આવે. ભાગ્ય સાથ ન આપતું હોય તેવું લાગે. તબિયતમાં અસ્વસ્થતા અને મનમાં ચિંતા રહે. હરીફો સાથે વાદવિવાદમાં ન ઉતરવું. કાર્ય સફળતા વિલંબથી મળે. ઉપરી અધિકારીઓ સાથે સંઘર્ષ ઉભો થાય.

### મકર (ખ.જ.)

ગણેશજી આજે આપને નકારાત્મક વિચારસરણી ન ધરાવવાની સલાહ આપે છે. ગુસ્સાને વશમાં રાખવાથી ઘણી આફતોમાંથી બચી જશો. ભાગીદારો સાથેના સંબંધોમાં કડવાશ ઉભી થાય. આજે કોઈક કારણસર અચાનક બહારગામ જવાનો પ્રસંગ ઉભો થાય અને આપને અચાનક ખર્ચ થાય. સરકાર વિરોધી પ્રવૃત્તિથી દૂર રહેવું. નવા સંબંધો બાંધતી વખતે સાવધાની રાખવી. ગોઠણમાં પીડા થાય. ભાગીદારો સાથે મતભેદો નિવારવા.

### કુંભ (ગ.સ.)

ગણેશજી કહે છે કે આપનો આજનો દિવસ રંગીન અને ખુશમિજાજમાં પસાર થશે. પ્રણય અને રોમાન્સથી આપનો મિજાજ રંગીન રહેશે. મિત્રો સ્નેહીઓ સાથે બહાર ફરવા જવાનું થાય. સુંદર સ્થળે આનંદદાયક પ્રવાસ પર્યટન થાય. સારું ભોજન અને નવા વસ્ત્રો પહેરવાના પ્રસંગ પ્રાપ્ત થાય. જાહેર માન સન્માન મળે. દંપતીઓને ઉત્તમ દાંપત્યસુખની પ્રાપ્તિ થાય. પાર્ટનરશીપ લાભદાયી નીવડે.

### મીન (દ.ચ.ઝ.થ.)

ગણેશજી કહે છે કે આજે આપ દરેક કાર્ય સંપૂર્ણ આત્મવિશ્વાસ અને દૃઢ મનોબળ સાથે કરશો. કાર્ય સફળતાનો દિવસ છે. ઘર-કુટુંબમાં સુખશાંતિ છવાયેલી રહેશે. સ્વભાવમાં થોડીક ઉગ્રતા રહે તેથી વાણી ઉચ્ચારતા પહેલાં સાવધાની રાખવી. નોકરી-વ્યવસાયમાં લાભ રહેશે. પ્રતિસ્પર્ધીઓને મ્હાત કરી શકશે.

## ગુટખા પ્રતિબંધના પગલે બોટાદમાં ચેકિંગ

બોટાદ, તા. ૧૩: સરકારે ગુટખા પર મુકેલા પ્રતિબંધના પગલે બોટાદ નગરપાલિકા દ્વારા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ અન્વયે ફુડ સેફટી ઓફિસર સી.એલ. ભીકડિયા તથા તેના સ્ટાફે શહેરમાં વિવિધ વિસ્તારોમાં ૧૧ જેટલી હોલ સેલ વેપારો પેઢીઓને ત્યાં આકસ્મિક ચેકિંગ હાથધર્યુ હતું. ઉપરાંત શહેરના પાળિયાદ રોડ, સ્ટેશનરોડ, લીમડા ચોક સહિતના વિસ્તારોમાં ૨૮ જેટલી પાનની દુકાન, કેબીન તથા લારીઓમાં પણ સઘન ચેકિંગ હાથ ધરી વેપારીઓને આ નવા કાયદા અંગે માહિતી આપી હતી. શહેરમાં વેપારીઓને ત્યાં ચેકિંગ હાથ ધરાતા ફફડાટ વ્યાપી ગયો હતો. ક કાયદા ભંગ બદલ છ માસ સુધીની સજા અને રૂ. ૫ લાખનો દંડ પણ થઇ શકે તેવી કડક જોગવાયોની જાણકારી આપી હતી.

## આજનું પંચાંગ

**તા.૧૪/૯/૨૦૧૨,શુક્રવાર** — **ત્રિકાલદર્શી- ધોરાજી**

| | | |
|---|---|---|
| સૂર્યોદર ૦૬-૩૩<br>મુસ્લિમ માસ શવ્વાલ<br>તીથી તેરસ ૧૧-૧૬<br>કરણવિષ્ટિ ૨૨-૩૬ | સૂર્યોસ્ત ૧૮-૪૭<br>મીતી ૨૬<br>નક્ષત્ર મઘા ૨૭-૫૯ | નકારશી ૦૭-૧૯<br><br>યોગ સિધ્ધ ૨૫-૦૫ |

**રાશી આખો દિવસ સિંહ**

**દિવસના શુભ ચોઘડીયા:-** સવારનાં ૬-૩૩ થી ૧૧-૦૩
બપોરનાં ૧૨-૩૩ થી ૧૪-૦૩
સાંજનાં ૧૭-૦૩ થી ૧૮-૩૩
રાત્રીના ૨૧-૩૩ થી ૨૩-૦૩
રાત્રીનાં ૨૪-૩૩ થી ૨૯-૦૩

**વિક્રમ સવંત** ૨૦૬૮ **શોભન** શક સવંત્સર ૧૯૩૪ નંદન

**અયન** દક્ષિણ **ઋતુ** શરદ **માસ** અધિક ભાદરવો **પક્ષ** કૃષ્ણ

**સૂર્ય નક્ષત્ર** ઉતરા ફાલ્ગુની **દિવસનો વર્તારો** અશુભ

**વિશેષ** શિવરાત્રી-ભદ્રા ૧૧-૧૭ થી- વિષ્ટી ૧૧-૧૦ થી

## રાજકોટ મૂવી મેનૂ

| થિયેટર | ફિલ્મ | સમય |
|---|---|---|
| **ગેલેક્સી:** | રાઝ-૩ | ૧૦-૩૦, ૧, ૩-૩૦, ૧૦-૩૦ |
| | એક્સપાડેબલ્સ-૨ | ૬-૩૦, ૮-૩૦ |
| **ગીરનાર:** | વીર હમીરજી | ૧૦-૧૫ |
| | રાઝ-૩ | ૧, ૩-૩૦, ૬-૩૦, ૯-૩૦ |
| **રાજશ્રી:** | બોલ બચ્ચન | ૧૦-૦૦ |
| | સાજણ તને મારા સમ | ૧૨-૩૦, ૩-૩૦, ૬-૩૦ |
| | એક થા ટાઇગર | ૯-૪૫ |
| **કોસ્મોપ્લેક્સ** | | |
| **પ્લાનેટ બ્લુ:** | બરફી | ૧૧-૧૫, ૨, ૪-૪૫, ૭-૩૦, ૧૦-૩૦ |
| **પ્લાનેટ રેડ:** | રાઝ-૩ | ૧૨, ૨-૩૦, ૫, ૧૦-૧૫ |
| | એક થા ટાઈગર | ૭-૩૦ |
| **પ્લાનેટ ગ્રીન:** | રાઝ-૩ | ૧૨-૩૦, ૮, ૧૦-૩૦ |
| | એક થા ટાઈગર | ૨-૪૫, ૫-૩૦ |
| **પ્લાનેટ લોન્જ:** | બરફી | ૧૨, ૨-૪૫, ૧૦-૩૦ |
| | રાઝ-૩ | ૫-૩૦, ૮ |
| **પ્લાનેટ પર્પલ:** | જીના હૈ તો ઠોક ડાલ | ૧૨-૩૦, ૫-૧૫ |
| | કેવી રીતે જઈશ | ૨-૪૫ |
| | કયામત હી કયામત | ૭-૪૫ |
| | એકસપાડેબલ્સ-૨ | ૧૦-૩૦ |

## ફૂલછાબ સુ-ડોકુ નં. ૬૧

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોકસ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઇ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો.
(૪) શરૂઆત એ ખાનાથી કરો જયાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | | 7 | | | | 2 |
| 9 | 8 | | | | | | 7 | 1 |
| | 2 | | 6 | | 4 | | 5 | |
| 5 | | 1 | | 3 | | 2 | | 4 |
| | | | | | | | | |
| 8 | | 2 | | 6 | | 9 | | 7 |
| | 7 | | 8 | | 9 | | 2 | |
| 4 | 9 | | | | | | 6 | 3 |
| 2 | | | | 5 | | | | 9 |

### સુ-ડોકુ નં.-૬૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 1 | 6 | 3 | 4 | 7 | 9 | 8 | 5 |
| 3 | 8 | 9 | 1 | 2 | 5 | 7 | 6 | 4 |
| 7 | 5 | 4 | 9 | 8 | 6 | 2 | 1 | 3 |
| 6 | 3 | 8 | 2 | 7 | 1 | 5 | 4 | 9 |
| 5 | 2 | 1 | 6 | 9 | 4 | 3 | 7 | 8 |
| 4 | 9 | 7 | 5 | 3 | 8 | 1 | 2 | 6 |
| 9 | 6 | 2 | 8 | 1 | 3 | 4 | 5 | 7 |
| 1 | 7 | 5 | 4 | 6 | 9 | 8 | 3 | 2 |
| 8 | 4 | 3 | 7 | 5 | 2 | 6 | 9 | 1 |

## શબ્દકોચડો ૧૮૯૧



### આડી ચાવી

૧. સુંદર, સરખા રૂપ કે દેખાવનું (૩)
૩. તપખીર, છીંકણી (૩)
૭. તપસ્વીઓ શું કરે ? (૨)
૮. નૃત્ત-નૃત્ય વગેરે કલાઓની જાણકાર સ્ત્રી (૪)
૯. સુંદર કે દેખાવડી સ્ત્રી (૩)
૧૦. દોલત, પૈસો (૨)
૧૧. કેફની પ્રબળ અસર ગર્વ (૨)
૧૨. રમણી, નવ જવાન ખૂબ સુરત સ્ત્રી (૪)
૧૬. જમા ઉધારનું કે વિસ્તાર વાળી વિગતોનું સારરૂપ તારણ (૩)
૧૮. વર્તમાન, સાર સમાચાર (૫)
૨૦. છળ, પ્રપંચ, કપટબાજી (૪)
૨૩. પરાક્રમી, બહાદુર (૪)
૨૬. રક્તવાહિની, નસ (૨)
૨૭. સ્થાવર જંગમ મિલકત, માલસામાન, માલમિલકત (૪)
૨૯. રિવાજ, રસમ, ધારો (૨)
૩૦. વારસો લેનાર, ઉત્તરાધિકારી (૩)

### ઊભી ચાવી

૧. સાચાપણું, સત્ત્વ, સત્ય (૨)
૨. અત્યંત રૂપાળી સ્ત્રી (૫)
૩. 'આવ..., પકડ ગલા' (૨)
૪. એક ધાન્ય (૨)
૫. ચણોઠી (૨)
૬. ગુજરાતનું પાટનગર (૫)
૮. એક અભિનેત્રી-જેની બહેન પણ અભિનેત્રીઓ છે (૩)
૧૧. મત આપવાનો હક્ક (૫)
૧૩. શરીરને કોઇ હથિયાર કે અથડામણથી થતો ઘા (૩)
૧૪. પાણી, જળ (૨)
૧૫. નહોર (૨)
૧૭. યશોદા, શ્રી કૃષ્ણની પાલક માતા (૩)
૧૯. બહેનના પતિ (૩)
૨૧. વરુની માદા (૩)
૨૨. સુંદર સ્ત્રી (૨)
૨૩. લોભી, કંજૂસ, કૃપણ (૨)
૨૪. લોહીના વિકારનો એક રોગ (૩)
૨૫. ફજેતો, ખરાબ અંજામ, બૂરું પરિણામ (૩)
૨૮. વેલ, વેલી, વેલો (૨)

-પ્રદીપ જોશી

### ઉકેલ નંબર ૧૮૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| મ | હિ | મા | | મો | ર | મ | | મ |
| લ | | મા | મ | લો | | મ | હે | શ |
| મ | મ | | ન | | મો | ત | | |
| | મ | ત્સ્ય | | મે | ઘ | | મા | મી |
| મા | તા | | મ | | મ | મી | | ના |
| લા | | મ | નો | જ | | માં | જ | ર |
| મા | વ | ત | ર | | મા | સા | | |
| લ | | | મ | મ | રી | | મા | ર્ગ |
| | મે | ષ | | મ | ચ | રા | ળી | |